Sandesh (Suppl.: Citylife)

EDII

December 29, 2024
Pg. 2

# આદિવાસી વિસ્તારના 300 લોકોને EDIIએ તાલીમ આપી પગભર કર્યા

## ડાંગ જિલ્લાના લોકોને તાલીમ બાદ મહિને ૧૫ હજારથી ૨૫ હજાર સુધી કમાતા થયા

**સિટી લાઈફ |** ગ્રામિણ અને આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકો ઉદ્યોગસાહસિક બનવાની સાથે સ્કિલ પર્સનન બને તે માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) દ્વારા ONGC સાથે મળીને 'અથક ભારત પ્રોજેક્ટ' શરૂ કર્યો હતો. જેમાં ગુજરાતના ડાંગ જિલ્લાનામાં વસતા ૩૦૦થી વધુ લોકોને રોજગારીના વિવિધ વિકલ્પોનું જ્ઞાન આપવાની સાથે પગભર કર્યા છે. ૩૦૦ લાભાર્થીઓએ એગ્રીપ્રિન્યોરશિપ હેન્ડીક્રાફ્ટ, ઈકોટુરિઝમ, નોન-ટીમ્બર ફોરેસ્ટ પ્રોડક્ટ્સ (NTFP), અને ઔષધીય છોડ જેવા ક્ષેત્રોમાં વ્યવહારિક તાલીમ મેળવી હતી. આહવાના જમાલપાડા ગામમાં આરાધ્યા એગ્રીપ્રેન્યોરશિપ યુનિટ અથક ભારતની સિદ્ધિઓનું પ્રમાણ છે. મોસમી ખેત મજૂરો તરીકે કામ કરતા, સમુદાયો હવે નાગલી, ભાગર અને બાજરી આધારિત બેકરી ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે, વ્યક્તિગત રીતે દર મહિને ૧૫,૦૦૦-૧૭,૦૦૦ રૂપિયાની આવક મેળવે છે. EDII ની તાલીમ અને સમર્થન સાથે આરાધ્યા યુનિટના સભ્યો હવે આત્મનિર્ભર એગ્રીપ્રેન્યોર છે.